



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પ્રાંતિજમાં મેઘ મહેરથી ખેડૂતો આનંદમાં

## સીતવાડા ગામે વર્ષો જુનો વડ ધરાશાયી : બે વાનરોને ઈજા

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠા સહિત સમગ્ર રાજયમાં રાત્રીથી મેઘરાજાની સવારી આવી પહોંચી છે. આ મેઘ મહેરથી પ્રાંતિજ તાલુકાના સ્થાનિકો તેમજ ખેડુતોમાં આનંદ છવાયો છે. પોતાના ખેતરમાં પહેલા વરસાદમાં વાવણી કર્યા બાદ વરસાદે વિરામ લીધો એટલે વાવણી થઈ અને ખેતરમાંથી નિંદામણ દુર કર્યા બાદ આ પાકને અનુરૂપ વરસાદ થતા ખેડુતોમાં આનંદ છવાયો છે.

પ્રાંતિજ તાલુકામાં આજે સવારથી જ ધીમી ધારે પડી રહેલા વરસાદના કારણે ખેડુતોમાં સારો વરસાદ થવાની આશા બંધાઈ છે. પ્રાંતિજ તાલુકામાં વરસાદની એન્ટ્રી તો ગાજવીજ સાથે થઈ હતી પરંતુ સવારમાં જોર ઘટયું હતું. રાતના ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધીમાં ૧ ૨૫ મીલી વરસાદ પ્રાંતિજ શહેરમાં નોંધાવા પામ્યો હતો. જયારે ખેતી લાયક વરસાદ થતા તાલુકામાં ડાંગરના પાકની વાવણી કરવામાં આવી હતી તેમજ વિવિધ શાકભાજીના પાક પણ વાવવામાં આવ્યા હતા. જયારે શહેરીજનોએ પણ વરસાદનો આનંદ માણ્યો હતો. જયારે વરસાદમાં અનેક સ્થળો ઉપર ભૂવા પડવાના પણ બનાવ બન્યા હતા. પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે વર્ષો જુનો વડ મધ્યરાત્રીએ પડતા તેની ઉપર આશરો લઈ રહેલા કપિરાજને પણ ઈજાઓ થવા પામી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં હરખની હેલી

## લાંબા સમય બાદ મેઘરાજાનું આગમન થતા ખેડૂતો હરખાયા : વરસાદના કારણે હિંમતનગરમાં ઠેર ઠેર પાણી ભરાયા

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં લાંબા સમય બાદ મેઘરાજાનું આગમન થતા ખેડૂતોમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે. તેની સાથે લોકોને બફારામાંથી છૂટકારો મળ્યો છે. જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સહિત સમગ્ર જિલ્લામાં સવારથી જ મેઘરાજાનું આગમન થયું હતું. જે આખો દિવસ ધીમે ધીમે વરસીને સમગ્ર જિલ્લાને તળબોળ કરી દીધો હતો.

જિલ્લામાં ખેડૂતો સહિત લોકો વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોતા હતા. જે ઈચ્છા મેઘરાજાએ સમગ્ર જિલ્લામાં વરસીને પુરી કરી હતી. જિલ્લામાં સૌથી વધારે બાયડમાં સાંજે ૪ વાગ્યા સુધીમાં ૨૦૦ મી.મી. જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે હિંમતનગરમાં ૮ ૨ મી.મી., ધનસુરામાં ૧૦૦ મી.મી. અને પ્રાંતિજમાં ૧ ૨૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

સવારથી જ શરૂ થયેલ વરસાદ આખી રાત ધીમે ધીમે વરસ્યો હતો. વરસાદના કારણે કોઈ મોટુ નુકશાન થયાનું જાણવા મળેલ નથી. હિંમતનગર શહેરમાં ૮ ૨ મી.મી. જેટલો વરસાદ પડતા શહેરમાં ઠેર-ઠેર રસ્તાઓ તેમજ સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદ પડતા ખેડૂતોમાં ખુશાલીનો માહોલ જોવા મળ્યો હતો.



(તસવીર : મગનજી વણઝારા)

## ખેડબ્રહ્માની આર્ડેકતા એન્જીનીયરીંગ કોલેજનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા.૪

પુના ખાતે આયોજીત નેશનલ ફેર DIPEX-2013 અંતર્ગત ભારતમાંથી ૪૫૦ જેટલા વિવિધ પ્રોજેકટ રજુ કર્યા હતાં.

જેમાં ગુજરાત રાજયમાંથી ખેડબ્રહ્માની આર્ડેકતા એન્જીનીયરીંગ કોલેજના ડાયરેકટર રાહુલ પટેલ (એમ.એસ.સી.ઈ. કેલીફોર્નીયા-યુ.એસ.એ.) સંદિપ કણજારીયા, દોલતસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ ડિગ્રી તથા ડિપ્લોમા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ જય પટેલ, વિશાલ પટેલ, લવ પટેલ, આશિષ પંડયા, પ્રતિક ગજ્જર અને યોગીન સોલંકીની ટીમ દ્વારા રજુ કરવામાં આવેલ પ્રોજેકટ પીક એન્ડ પ્લેસ રોબોટ વીથ કલર સેન્સરની પસંદગી તથા સમગ્ર બનાસકાંઠા જિલ્લો ગૌરવાન્વીત થયો છે.

ગુજરાત રાજય તરફથી રજુ થયેલ ટેકનોફેરના ઉપરોકત પ્રોજેકટ રજુ કરી સાબરકાંઠા જિલ્લાની આર્ડેકતા એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિ બદલ સંસ્થા પ્રમુખ આર.ડી. પટેલે સમગ્ર ટેકનીકલ રીસર્ચ ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

# ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં

## સાર્વત્રીક મેઘમહેર વાવણીલાયક વરસાદ આવતા ખેડુતો ખુશખુશાલ

ભિલોડા,તા.૪

ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં સાર્વત્રીક મેઘમહેર વાવણીલાયક વરસાદ આવતા ખેડુતો ખુશખુશાલ બન્યા હતા. છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજા રીસાયા હોય તેમ લાંબો વિરામ લીધો હતો. ખેડુતોમાં ચિંતાનું મોઝુ ફરી વળ્યુંહતું. અસહ્ય કાળઝાળ ગરમી અને ઉકળાટભર્યા માહોલમાં પ્રજાજનો મુશ્કેલીમાં મુંકાયા હતા. ગત સમી સાંજે એકા-એક વાતાવરણમાં પલટો આવ્યા બાદ મેઘરાજાએ ધીમી-ધીમી ધારે પધરામણી કરતાં ખેડુતો અને પ્રજાજનો હરખાયા હતા. વાવણીલાયક વરસાદ આવતા ખેડુતો ખેતીકામમાં પરોવાયા છે.ભિલોડા તાલુકામાં એકા-એક વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદ આવતા ઠંડક પ્રસરેલ અને વાતાવરણ ખુશનુમુ બન્યુંહતું. આકાશમાં ઘટાટોપ ગોરંભાયેલા વાદળોના કારણે ભિલોડા પંથકમાં સાર્વત્રીક મેઘમહેર થતાં ભીની માટીની મહેંક સાથે જ સામાન્ય રીતે ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી. ઠેર-ઠેર અનેક નીચાણવાળા રેસીડેન્ટ હાર્દસમા વિસ્તારોમાં વરસાદી પાણી ખાડા-ખાબોચીયામાં ભરાઈ જતાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હતું.

ભિલોડાનગરમાં વરસાદ આવતાની સાથે યુ.જી. વી.સી.એલ.ના અધિકારીઓની બેદરકારીના કારણે વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા હતા. ભિલોડાનગરના હાર્દસમા જૈન દેરાસર,ભુલવણી વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો પુરતો મળતો નથી તેવી બુમરાણો ઉભી થવા પામી છે પરંતુ યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓને મૌખીક ધ્યાન દોરવા છતાં અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢતા હોવાના કારણે પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડા પંથકમાં અવાર-નવાર વીજ પુરવઠો ખોરવાઈ છે. ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં સાર્વત્રીક મેઘમહેર વાવણીલાયક વરસાદ આવતા ખેડુતો ખુશખુશાલ બન્યા છે. ખેડુતો અને ખેતમજુરો ખેતીકામમાં પરોવાયા છે.અણીના સમયે મેઘરાજાએ મહેર કરતાં મુરજાતા ખેતીના પાક જેવા કે કપાસ, મગફળી, મકાઈ સહિત વિવિધ પાકોને જીવતદાન મળતાં ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો. મેઘરાજાએ લાબોવિરામ લીધા બાદ ધમાકેદાર એન્ટ્રી કરતા પ્રજાજનોમાં આનંદનું મોઝુ ફરી વળ્યું હતું.

## મહેસાણા જિલ્લામાં સર્વત્ર વરસાદ

### ખરીફ પાકોના વાવેતરોને જીવનદાન

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ગતરાત્રીથી પવન અને ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદ શરૂ થયેલ છે. મોડે મેઘરાજાની એન્ટ્રીથી વાવેતરો બચી જતા ખેડૂતોને રાહત થઈ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સર્વત્ર મધ્યમથી ભારે વરસાદ થવાથી કેટલાયે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. કેટલીક જગ્યાએ જાહેર માર્ગો પર પાણી ભરાતા લોકોને અવરજવરમાં મુશ્કેલી ઉભી થઈ છે. ગઈરાતથી શરૂ થયેલ વરસાદ આજે સાંજ સુધી ચાલી રહ્યો છે.



# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### પાટણ

| | | |
|---|---|---|
| જીરુ | ૧૯૦૦ | ૨૧૭૦ |
| વરીયાળી | ૭૫૧ | ૧૨૫૮ |
| જુવાર | ૩૬૦ | ૫૬૧ |
| એરંડા | ૬૮૦ | ૭૧૪ |
| ઘઉ | ૨૯૨ | ૩૭૧ |
| બાજરી | ૨૬૦ | ૩૬૧ |
| બંટી | ૩૯૦ | ૪૦૦ |
| ગવાર | ૧૨૨૦ | ૧૩૦૭ |
| મેથી | ૫૨૫ | ૫૩૨ |

### વિજાપુર

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૬ | ૭૪૬ |
| બાજરી | ૨૩૦ | ૨૯૫ |
| ઘઉ | ૨૯૫ | ૩૬૫ |
| જુવાર | ૩૦૦ | ૩૯૦ |
| ગવાર | ૧૦૨૫ | ૧૩૫૪ |

### કૂકરવાડા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૬ | ૭૦૨ |
| બાજરી | ૨૧૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૭ |
| જુવાર | ૨૨૫ | ૪૧૪ |
| ગવાર | ૧૦૭૫ | ૧૩૫૫ |

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૬૭ |
| એરંડા | ૬૯૨ | ૭૦૬ |
| ઘઉ | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૨૫ | ૨૮૫ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૪૧ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૦૫ | ૩૯૦ |
| રાયડો | ૫૪૦ | ૫૬૫ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૦૫ | ૨૫૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૧૬૫ |
| મકાઈ | ૨૨૫ | ૨૮૫ |
| તુવેર | ૫૨૧ | ૬૪૦ |
| જુવાર | ૩૦૦ | ૩૮૦ |
| રાયડો | ૫૩૦ | ૫૭૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૬૫ |
| એરંડા | ૬૮૦ | ૭૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૮૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૭૧૪ |
| રાયડો | ૫૮૨ | ૬૦૭ |
| ગવાર | ૧૦૭૦ | ૧૩૪૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૪૫ |
| બાજરી | ૨૨૫ | ૨૮૦ |
| જુવાર | ૩૦૦ | ૬૨૦ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૨૫ | ૨૭૭૧ |
| વરીયાળી | ૭૮૦ | ૨૧૮૫ |
| ઈ.ગુલ | ૧૧૯૧ | ૧૪૬૫ |
| રાયડો | ૫૯૩ | ૬૫૫ |
| તલ | ૨૨૦૦ | ૨૨૩૧ |
| સવા | ૬૫૧ | ૬૭૮ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉ | ૨૯૬ | ૩૩૩ |
| બાજરી | ૨૪૪ | ૨૫૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૨૦ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| જીરુ | ૧૭૦૦ | ૨૪૬૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૫૫ |
| બાજરી | ૨૦૫ | ૨૭૪ |
| એરંડા | ૬૪૦ | ૭૧૫ |
| ગવાર | ૯૫૦ | ૧૩૦૬ |
| જુવાર | ૩૨૧ | ૩૭૬ |
| રાયડો | ૫૪૦ | ૬૯૫ |
| રજકો | ૧૩૦૦ | ૨૪૮૬ |
| અજમો | ૪૧૧ | |

### માણસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૧૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૫૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૯ |
| બાજરી | ૨૩૦ | ૨૫૬ |
| જુવાર | ૩૭૨ | ૫૦૭ |

### મોડાસા

| | | |
|---|---|---|
| મગફળી | ૬૯૨ | ૮૨૬ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૪ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૩૦ |

### બાયડ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| ઘઉ | ૩૦૦ | ૩૫૦ |
| એરંડા | ૬૪૦ | ૬૭૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૦૦ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૧૦ |
| એરંડા | ૬૬૦ | ૭૦૦ |
| બાજરી | ૨૦૦ | ૨૬૫ |
| ઘઉં | ૨૯૩ | ૩૫૧ |
| ગવાર | ૧૦૬૦ | ૧૩૧૪ |
| ચણા | ૬૦૦ | ૬૮૦ |
| જીરુ | ૨૦૫૦ | ૨૫૮૦ |
| સવા | ૫૩૦ | ૫૬૦ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૫૪ |
| બાજરી | ૨૦૦ | ૨૮૨ |
| જુવાર | ૩૦૫ | ૩૬૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૩૧ |
| રાયડો | ૫૮૦ | ૬૨૦ |
| રજકો | ૧૩૦૦ | ૨૪૦૦ |
| એરંડા | ૬૬૦ | ૭૧૪ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ડાંગર | ૩૦૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ. | ૩૨૫ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૫ | ૨૬૦ |
| ડાંગર | ૩૦૦ | ૩૬૧ |
| ડાંગર | ૩૨૫ | ૩૫૦ |

### ઇડર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૨૫ | ૮૭૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૬૫ |
| બાજરી | ૨૭૦ | ૨૯૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૧ |
| એરંડા | ૬૭૦ | ૬૮૬ |

### આંબલિયાસણ

| | | |
|---|---|---|
| ઘઉ | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૧૯ | ૨૫૫ |
| એરંડા | ૬૮૯ | ૬૯૩ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |
| ગવાર | ૧૨૪૦ | |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉ | ૩૦૬ | ૩૫૮ |
| બાજરી | ૨૧૯ | ૨૬૮ |
| ગવાર | ૯૫૦ | ૧૪૦૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૫ |
| રાયડો | ૬૦૫ | ૬૧૦ |
| મગ | ૬૭૦ | ૮૫૧ |
| રજકો | ૧૦૦૦ | ૧૨૨૩ |

### ગોઝારીયા

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૧ |
| બાજરી | ૨૦૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૭ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૩૧ |

### સાણંદ

| | | |
|---|---|---|
| ઘઉ | ૩૧૩ | ૩૧૪ |
| ગુ.ડાંગર | ૨૬૮ | |
| તુવેર | ૭૬૭ | |
| એરંડા | ૬૮૩ | |
| જવ | ૨૨૮ | ૨૪૩ |
| રાયડો | ૫૪૦ | |
| જીરુ | ૧૮૪૦ | ૨૪૫૧ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૬ | ૩૨૫, |
| ઘઉં | ૩૧૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૩ |
| મગ | ૫૫૧ | ૯૦૦ |
| મગફળી | ૬૨૫ | ૭૫૦ |
| એરંડા | ૬૫૫ | ૬૭૫ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601